**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. II-૩૩-૨૦૧૪-૧૫**

અરજદાર: બૈજીબેન કાનસિંહ ઝાલા વતી
રાજેન્દ્રસિંહ કાનસિંહ ઝાલા,
ગામ. સોનારીઆ, પો.: સુણદા,
તા. કપડવંજ, જી. ખેડા,

રજુઆત કરનાર: રાજેન્દ્રસિંહ કાનસિંહ ઝાલા વતી
કિરીટસિંહ કાનસિંહ ઝાલા

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, કપડવંજ ગ્રામ્ય.

રજુઆત કરનાર: શ્રી જી.એચ.પટેલ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ ગ્રામ્ય પેટા-વિભાગીયકચેરી.

તા. ૦૭.૦૭.૧૪ ની ફરીયાદીની ખેતી વિષયક વીજ કનેક્શન મેળવવા માટેની અરજી બાબત.

તા. ૧૧.૦૭.૧૪ ના રોજ ફરિયાદીની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળી. જેમાં ફરિયાદી તરીકે ફરિયાદી શ્રી રાજેન્દ્રસિંહ કાનસીંહ ઝાલા વતી તેમના ભાઇ શ્રી કિરીટસિંહ કાનસિંહ ઝાલા તથા સામાવાળા તરફે શ્રી જી. એચ. પટેલ; નાયબ ઇજનેર, કપડવંજ ગ્રામ્ય, એમ.જી.વી.સી.એલ. તરફથી હાજર રહ્યા. બન્ને પત્રકારોને સાંભળ્યા.

કેસની ટૂંકમાં વિગત નીચે મુજબ છે :

(૧) ફરીયાદીના માતૃશ્રી બઇજીબેન કાનસિંહ ઝાલા; રહે. મુ. સોનારીઆ; પો. સુલાદા તા. કપડવંજ; જી. ખેડા ના એ પોતાની પારીવારીક જમીન જેનો રે.સ.નં. ૪૫૪ ને ભુતીયા પંચાયત ખાતે આવેલ છે. તેમાં ખેતી વિષયક વિજ કનેક્શન મેળવવા તા. ૨૩.૧૨.૧૯૯૧ ના રોજ અરજ કરેલ હતી. ત્યારબાદ સને ૨૦૦૨ માં તત્કાલ માં સ્વીચ ઓવર કર્યું. તા. ૨૯.૦૫.૨૦૦૨ ના રોજ મંજૂરી મળી.. એફ.ક્યુ. તા. ૦૧.૦૬.૨૦૦૨ ના રોજ મળેલ. પરંતુ વર્ષોવર્ષના દુકાળ અને બીજી કોઇ આવક ન

હોવાને કારણે એસ્ટીમેટ મુજબની રકમ ભરી શકેલ નહીં. આ અંગેની લેખિત જાણ સ્થાનિક કક્ષાએ કરેલ. પરંતુ આજ દીન સુધી પ્રત્યુત્તર આપવામાં આવેલ નહીં. જેથી ફરિયાદીને કનેક્શનની જરૂર હોઇ વીજ કનેક્શન મેળવવા હાલની અરજ કરેલ છે.

(૨) ફરિયાદીએ સુનવણી દરમ્યાન હાજર રહીને જણાવ્યું કે, અમો આર્થિક સંકળામણના કારણે એસ્ટીમેટ મુજબની રકમ ભરી શકેલા નહીં. આ અંગે અમારા માતૃશ્રી એ લેખિતમાં સ્થાનિક કક્ષાએ જાણ કરેલ. પરંતુ લેખિત જાણ કર્યા અંગેનો પુરાવો અમારી પાસે નથી.

(૩) સામાવાળા તરફે સુનવણી દરમ્યાન એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદીના માતૃશ્રી એ ભુતીયા ગામના લેન્ડ સર્વે નં. ૪૫૪ માં ખેતી વિષયક વીજ કનેક્શન મેળવવા તા. ૨૩.૧૨.૧૯૯૧ ના રોજ અરજ કરેલ. ત્યારબાદ સને ૨૦૦૨ માં તત્કાલમાં સ્વીચ ઓવર થયેલ તા. ૨૯.૦૫.૨૦૦૨ ના રોજ એપ્રુવલ આપેલ તથા તા. ૦૧.૦૬.૨૦૦૨ માં ચાર પક્ષીય કરાર થયેલ, પરંતુ ફરીયાદીના માતૃશ્રી એસ્ટીમેટ મુજબની રકમ ભરવા માં નિષ્ફળ ગયેલ તેથી ફરીયાદીની તા. ૨૩.૧૨.૯૧ ની અરજી નિયમ મુજબ રદ્દ કરવામાં આવેલ. ડાર્ક ઝોન વિસ્તારમાં એમ.આઇ.એસ. અપનાવવાની શરતે ખેડૂતોને નવું કનેક્શન આપવાનું સન ૨૦૧૨ પછી સરકારે ઠરાવેલ છે. તે મુજબ અમારી વિભાગીય કચેરીમાં પડતર અરજીઓના સંદર્ભમાં જે તે અરજદારોને નવેસરથી દસ્તાવેજો રજૂ કરવા લેખિતમાં જાણ કરવામાં આવેલ. પરંતુ આ અરજદારને જાણ કરવામાં આવેલ નહિં. કારણકે જે તે સમયે એસ્ટીમેટની રકમ ન ભરપાઇ કરવાના કારણે તથા અરજદાર તરફથી સદર અરજી નોર્મલ સ્કીમમાં ચાલુ રાખવાની લેખિતમાં જાણ કરેલ ન હતી. તેથી નિયમ મુજબ જે તે સમયે અરજી દફતરે કરવામાં આવેલ.

(૪) સુનવણી દરમ્યાન બન્ને પક્ષોની રજુઆત સાંભળી તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજની ચકાસણી કરી; અને અવલોકન કર્યું કે ફરીયાદીને તા. ૦૧.૦૬.૨૦૦૨ ના રોજ એસ્ટીમેટ આપવામાં આવેલ. જે મુજબની રકમ નાણાકીય અછતને કારણે ફરીયાદી જમા કરાવી શકેલ નહીં. જેથી તેઓની અરજી રદ્દ કરવામાં આવેલ. સને-૨૦૦૨ થી ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન અરજદારે ક્યારે પણ સામાવાળાની ઓફિસમાં તેઓના કનેક્શન અંગે તપાસ કરેલ નથી. કે તેઓની વીજ કનેક્શન માટેની ઓરીજીનલ અરજી ચાલુ રાખવા માટે લેખિતમાં કે મૌખિકમાં પણ રજુઆત કરેલ નથી. આમ; ૨૦૦૨ પછી બાર વર્ષના લાંબા ગાળા પછી ફરીયાદીએ હાલની અરજી કરેલ હોઇ ફરીયાદીની ફરીયાદ ને ગુજરાત વીજ નિયમન પંચ નોટીફિકેશન નં. ૨ વર્ષ-૨૦૧૧ ના કલમ ૨.૩૦ ના પેટા-કલમ (iii) મુજબ સમય-મર્યાદાનો બાધ નડે છે તેમ ઠરાવવામાં આવે છે.

ફોરમના મંતવ્ય મુજબ ફરીયાદીની ફરીયાદને સમય-મર્યાદાનો બાધ નડતો હોઇ ફરીયાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

ફરીયાદીને શ્રી રાજેન્દ્રસિંહ કાનસિંહ ઝાલા, મુ. સોનારીયા; પો. સુણદા; તા. કપડવંજ, જી. ખેડાનાને હુકમ કરવામાં આવે છે કે; એમ.જી.વી.સી.એલ. ના એ ફરીયાદીની ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજી રદ્દ કરેલ છે તે બરાબર છે.

| | | |
|---|---|---|
| (એમ. એમ. મરાઠે) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિઃ</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.